Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# Mahatma Gandhi's thoughts on Social Problems

**Prof. Neha M. Dharaiya**

M.A., M.Phil, Gslet Assistant Professor (Sociology) Vijaynagar arts college, Vijaynagara

nehadharaiya21189@gmail.com

❖ <u>પ્રસ્તાવના</u> :

दे दी हमें आजादी बिना खड़ग बिना ढाल

साबरमती के संत तूने कर दिया कमाल

ઉપરોક્ત પંક્તિને સાર્થક કરતા તેમજ ભારતના યુગ પુરુષ અને રાષ્ટ્રપિતાનું બિરૂદ જેમને આપવામાં આવ્યું છે તેવા મહાત્મા ગાંધી કે જેમણે ભારત દેશને 200 વર્ષથી ગુલામીની ઝાંઝીરોમાં જકડી રાખનાર એવા બ્રિટિશ શાસનમાંથી મુક્તિ અપાવી હતી. પરંતુ મહાત્મા ગાંધીનું કાર્ય માત્ર સ્વતંત્રતા પૂરતું સીમિત ન હતું તેની સાથે તેમણે ભારત દર્શન દ્વારા સમગ્ર રાષ્ટ્રને એક કરી સમાજમાં રહેલી કુપ્રથાઓ, કુરિવાજો, ભેદભાવો, અસમાનતાઓ જેવી અનેક સામાજિક સમસ્યાઓમાંથી દેશને મુક્તિ આપવાનો માર્ગ પણ તેમના વિચારો અને કાર્યો દ્વારા આપતા ગયા છે.

ભારત દેશને પરતંત્રતાના દરિયામાંથી પાર ઉતારનાર, સત્ય અને અહિંસાના પૂજારી એવા મહાત્મા ગાંધીના વિચારોની વાત કરીએ તો તેમનું વિચાર જગત સ્વાભાવિ કરીતે જ ઘણું વ્યાપક અને અસરકારક રહ્યું હશે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દેશને પોતાનું જીવન અર્પણ કરી, દેશ માટે શહીદ બની ઈતિહાસમાં અમર બની ગયા છે. ગોળી મારીને તેમના દિવ્ય દેહને શાંત કરી શકાય પરંતુ તેમના વિચારો તો આજે પણ અમર અને અવિનાશી છે તેનો ક્યારેય પણ અંત લાવી શકાય તેમ નથી. કેમકે તેમના વિચારો એટલા ગહન અને ઉચ્ચ કોટિના રહ્યા છે કે તે કોઈ પણ યુગની કોઈ પણ પરિસ્થિતિમાં દરેક વ્યક્તિ માટે માર્ગદર્શન રૂપ બની શકે તેમ છે. એટલું જ નહી પરંતુ તેમના મૃત્યુ પછી તેમની વિચારધારા એટલે કે ગાંધી વિચારધારા પ્રચાર-પ્રસાર પામી છે. અને આજે તેમના મૃત્યુના 75 વર્ષે પણ તેમના વિચારો એટલા જ સાર્થક અને દેશની પ્રજાને સત્યનો માર્ગ દેખાડનાર દીવાદાંડી રૂપ છે. તેમના વિચારોમાં આજના અને ભવિષ્યના દરેક પ્રશ્નોને ઉકેલવાની અદ્વિતીય શક્તિ રહેલી છે. ગાંધીજીએ ભારતની ગુલામી પાછળના કારણોની શોધમાં જણાવ્યું છે કે – "કેટલીક પાયાની સમસ્યાઓ જેવી કે જ્ઞાતિગત ભેદભાવ, અસ્પૃશ્યતા, સામાજિક અન્યાય, સ્ત્રીઓનું નીચું સ્થાન વગેરે જેવી ઘણી દેશની સામાજિક સમસ્યાઓ કારણરૂપ બને છે કે જેનાથી ભારતીય સમાજનો પાયો નબળો પડી રહ્યો છે." તેથી ગાંધીજીએ આ કારણો અને પ્રશ્નોના નિવારણ માટે સ્વતંત્રતા ચળવળની સાથે જ રચનાત્મક કાર્યક્રમો ચલાવવાનું કાર્ય હાથ ધર્યું હતુ. તત્કાલીન સમયમાં જે સમસ્યાઓ દૂર કરવા

ગાંધીજીએ પ્રયાસો કર્યા હતા આજે પણ એ પ્રશ્ન ઓછે વત્તે અંશે સમાજમાં સ્થાન ધરાવે છે. આજે વિશ્વ અને ભારતમાં ગરીબી, બેકારી, વસ્તીવૃદ્ધિ, મોંઘવારી, પછાત ગ્રામ્ય વિસ્તાર, અસ્પૃશ્યતા, અંધશ્રદ્ધા, આતંકવાદ, નિરક્ષરતા, સંપત્તિની અસમાન વહેંચણી, પ્રદૂષણ, અસ્વચ્છતા જેવી પાયાની સમસ્યાઓ પ્રવર્તી રહી છે. દિવસે ને દિવસે તે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. તેને નાથવા ભારત અને વિશ્વના બધા જ દેશો ઝઝૂમી રહ્યા છે, ત્યારે આ અને આવી બીજી અનેક સમસ્યાઓના ઉકેલ ગાંધીવિચારના રચનાત્મક કાર્યક્રમોમાં રહેલા છે.

મહાત્મા ગાંધી માટે સમાજ એ એવું માળખું છે જેમાં મોટાભાગના વ્યવહારો પરસ્પર સહકારના આધારે થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, પરસ્પર સહકાર એ સમાજના રોજિંદા વર્તનના સંચાલનનો આધાર છે. મહાત્મા ગાંધીના આ અભિપ્રાયમાંથી જે સાર કાઢી શકાય છે તે એ છે કે સમાજમાં બધા સમાન છે સમાજના યોગ્ય સંચાલન તેમજ તમામ પ્રવૃત્તિઓ માટે સમાજના દરેક સભ્યની સંમતિ અને સહકાર હોવો અનિવાર્ય છે. તેઓ સૈદ્ધાંતિક રીતે પણ એવું સમજાવે છે કે સમાજના સભ્યોમાં કોઈ નીચું નથી, કોઈ ઊંચું નથી. તેઓ ઉ.દા. આપતા કહે છે કે વ્યક્તિગત શરીરમાં પણ માથું ટોચ પર હોવાથી તે ઊંચું નથી તેવી જ રીતે પગના તળિયા નીચા નથી કારણ કે તે પૃથ્વીને સ્પર્શે છે. શરીરના દરેક અંગનું પોતાનું કાર્ય છે અને દરેક અંગનું કાર્ય પણ સમાન રીતે મહત્વ ધરાવે છે. આમ વ્યક્તિગત શરીરના અંગો સમાન છે તેવી જ રીતે સમાજના સભ્યો પણ સમાન છે. મહાત્મા ગાંધીએ તેમના આ વિચારો દ્વારા સમાજમાં રહેલી તમામ પ્રકારની અસમાનતાઓ, ભેદભાવો તેમજ ભારતીય સમાજના કલંક રૂપ એવી અસ્પૃશ્યતાની સમસ્યાને જડમૂળમાંથી દૂર કરવાનો માર્ગ રજૂ કર્યો છે.

મહાત્મા ગાંધી એ માત્ર દેશ માટે જ નહી પરંતુ સમગ્ર સમાજ માટે પણ All Life is One ની વિભાવનાને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવા માટેનો મુખ્ય આધાર બની રહ્યા છે. તેઓ માનવ જીવનની એકતામાં માને છે જે એક ખૂબ જ જટિલ સમગ્રતા છે અને તેને ન તો સામાજિક, ધાર્મિક, રાજકીય, નૈતિક કે નૈતિક જેવા ક્ષેત્રોમાં વિભાજિત કરી શકાય છે અને ન તો તેને વિવિધ સ્તરોમાં અલગ કરી શકાય છે. અને અહીં સમાજમાં સમસ્યાઓમાંથી મુક્તિ મેળવીને અને સંઘર્ષોથી મુક્ત બનીને જનતા સર્વોદયના માર્ગ તરફ આગળ વધી શકે છે [સર્વનું સૌથી મોટું ભલું અને સૌથી મોટી સંખ્યાના સૌથી મોટા સારામાં નહીં] જ્યાં સમાનતા અને સ્વતંત્રતા ઉપરાંત, છે. સુખી જીવન જીવવાની તમામ શક્યતાઓ, અને દરેક અને દરેકને સામાજિક ન્યાયની બાંયધરી, જેની ગેરહાજરીમાં વિવિધ પ્રકારની સમસ્યાઓ અને સંઘર્ષો ઉદભવે છે.

મહાત્મા ગાંધી ભારતના અગ્રણી સામાજિક અને રાજકીય નેતા હતા જેમણે બ્રિટિશ સંસ્થાનવાદી શાસનથી દેશની આઝાદીની લડતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના સમગ્ર જીવન દરમિયાન, તેઓ

સામાજિક સમસ્યાઓ વિશે ઘણા વિચારો ધરાવતા હતા અને તેમને ઉકેલવા માટે અથાક મહેનત કરી હતી. સામાજિક સમસ્યાઓ પર ગાંધીજીના વિચારોમાંના કેટલાક મુખ્ય વિચારો નીચે મુજબ છે.

- **મહાત્મા ગાંધીના વિચારોમાં વર્તમાન સામાજિક સમસ્યાઓ અને તેના ઉકેલો** :

- **ગરીબી**: મહાત્મા ગાંધી માનતા હતા કે ગરીબી એ ભારતની સૌથી મોટી સામાજિક સમસ્યાઓ પૈકીની એક છે અને તે અન્યાયી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું પરિણામ છે. તેમણે દલીલ કરી હતી કે આત્મનિર્ભરતા, સામુદાયિક સહકાર અને સંપત્તિના પુનઃવિતરણ દ્વારા ગરીબી દૂર કરી શકાય છે. ગરીબીની સાથે બેરોજગારી જેવી સમસ્યાઓના ઉકેલ માટે ગાંધીજી બુનિયાદી શિક્ષણ આપવાની વાત કરે છે. આજના પરીક્ષાલક્ષી શિક્ષણથી વ્યક્તિને રોજગારી પ્રાપ્ત થતી નથી. તેથી ગાંધીજીએ વ્યાવહારુ શિક્ષણ અને તાલીમ આપવાનું કહે છે કે જેથી વ્યક્તિ બેકાર ન રહે અને તે દ્વારા ગરીબી પણ દૂર કરી શકાય.
- **જાતિ ભેદભાવ**: મહાત્મા ગાંધી ભારતમાં જાતિ પ્રથાના તદ્દન વિરોધી હતા. તેઓ માનતા હતા કે ભેદભાવ અને અસમાનતા કાયમી છે. તેમણે જાતિ પ્રથા નાબૂદ કરવાની હિમાયત કરી અને સામાજિક સમાનતા અને પરસ્પર આદરના સિદ્ધાંતો પર આધારિત જાતિવિહીન સમાજના વિચારને પ્રોત્સાહન આપ્યું હતું.
- **હિંસા**: મહાત્મા ગાંધી માનતા હતા કે હિંસા ક્યારેય સામાજિક સમસ્યાઓનો ઉકેલ નથી અને તે માત્ર નફરત અને વિનાશના ચક્રને કાયમી બનાવે છે. તેમણે સામાજિક અને રાજકીય પરિવર્તન લાવવાના સાધન તરીકે અહિંસક પ્રતિકાર અને નાગરિક અસહકારની હિમાયત કરી હતી.
- **મહિલા અધિકારો**: મહાત્મા ગાંધી મહિલા અધિકારોના મજબૂત હિમાયતી હતા અને માનતા હતા કે મહિલાઓને પુરૂષોની જેમ સમાન તકો અને સ્વતંત્રતાઓ હોવી જોઈએ. તેમણે લિંગ ભેદભાવ દૂર કરવા પર ભાર મૂક્યો હતો તથા મહિલા શિક્ષણ અને સશક્તિકરણને પ્રોત્સાહન આપ્યું હતું.
- **ધાર્મિક - સાંપ્રદાયિક સંવાદિતા**: ગાંધીજીના ધાર્મિક વિચારો દ્વારા ધાર્મિક વિસંવાદિતા દૂર થઈ શકે છે તેઓ સર્વધર્મસમભાવમાં માનતા હતા અને બધા પાસે તેવા જ આચરણની અપેક્ષા રાખતા હતા જે બિનસાંપ્રદાયિકતા લાવવામાં ખૂબ જ ઉપયોગી છે. મહાત્મા ગાંધી વિવિધ ધર્મો અને જાતિઓના લોકો વચ્ચે સાંપ્રદાયિક સંવાદિતા અને એકતાના મહત્વમાં માનતા હતા.

તેમણે આંતરધર્મ સંવાદને પ્રોત્સાહન આપ્યું અને એવું માનતા હતા કે બધા ધર્મોમાં કંઈક મૂલ્યવાન રહેલું છે.

- **અસ્પૃશ્યતા નિવારણ**: મહાત્મા ગાંધી કહેતા કે – જેના પૂર્વજોએ અસ્પૃશ્યતાવાળું આચરણ કરવાનું પાપ કર્યું છે, તેમણે તેના પ્રાશ્ચીતના રૂપમાં અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય કરવું જોઈએ અને અસ્પૃશ્ય ગણાતા ભાઈ-બહેનની સેવા કરીને તેને સમાનતા આપવી જોઈએ. જેથી અસ્પૃશ્યતા દૂર કરી શકાય. આ ઉકેલ ગાંધીજીએ આપેલ છે. સફાઈ કર્મીઓની સમસ્યાઓ અને અસ્પૃશ્યતા નિવારણ માટે સ્વચ્છતા આંદોલન ચલાવનારા સૌ પ્રથમ મહાત્મા ગાંધી હતા.
- **આતંકવાદ**: મહાત્મા ગાંધી આતંકવાદને દૂર કરવા માટે અહિંસા નામના શસ્ત્રનો ઉપયોગ કરવાનું કહે છે.
- **વસ્તીવૃદ્ધિ**: મહાત્મા ગાંધીના મતે આ સમસ્યા બ્રહ્મચર્યવ્રતના પાલન દ્વારા ઉકેલ આવી શકે છે તેમજ તેમના મતે- મહિલા જાગૃતિ અને સ્ત્રીશિક્ષણના આધારે જનજાગૃતિ કેળવીને પણ વસ્તી વધારાને કાબુમાં લાવી શકાય છે.
- **પ્રદૂષણ**: પ્રદૂષણ એ આજે આપણા માટે પ્રાણ પ્રશ્ન બનીગયો છે. ગાંધીજીના સ્વચ્છતા અભિયાન દ્વારા કેટલાક અંશે તેને પણ હળવો કરી શકાય છે. ગ્રામ સફાઈ અને ગ્રામોદ્ધારના કાર્યક્રમ હાથ ધરીને તેમજ વ્યક્તિ તેની નૈતિક ફરજોનું પાલન કરે તો પ્રદૂષણ પણ અટકાવી શકાય છે.
- **કોમવાદ**: મહાત્મા ગાંધીના મતે અસ્પૃશ્યતા નિવારણ દ્વારા કોમવાદ જેવી સમસ્યાઓ ઉકેલી શકાય છે.
- આ ઉપરાંત નિરક્ષરતા, રૂઢિચુસ્તતા, કોમીએકતાનો અભાવ, મોંઘવારી જેવી સમસ્યાઓના ઉકેલ પણ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો દ્વારા લાવી શકાય છે.

❖ **<u>સમાપન</u>** :

આમ સામાજિક સમસ્યાઓ પર ગાંધીજીના વિચારોની ભારત અને વિશ્વ પર ઊંડી અસર પડી છે. તેમના વિચારો અને સિદ્ધાંતો ન્યાય, સમાનતા અને શાંતિ માટે સામાજિક અને રાજકીય ચળવળોને પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહે છે. મહાત્મા ગાંધી જીવનપર્યંત સમાજના દરેક ક્ષેત્ર અને દરેક માનવીને પર્યાવરણીય તેમજ શારીરિક, માનસિક, સામાજિક સમાનતા પ્રાપ્ત થાય તે માટેના સમાજ સુધારને લગતા રચનાત્મક કાર્યો કરતા રહ્યા હતા. આજની યુવા પેઢી માટે તેમના આ વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે જેટલા તે સમયમાં હતા. આજના દરેક પ્રશ્નોના ઉકેલ પણ ગાંધી વિચારમાં છુપાયેલા છે બસ માત્ર તેનું અનુસરણ કરવાનું બાકી રહ્યુ છે. ગાંધી વિચારનું બીજું એક હકારાત્મક પાસું એ રહેલું છે કે, તેમાં જન કલ્યાણની ભાવના

છુપાયેલી છે. દેશવાસીઓની દુર્દશા જોઇને તેઓ પોતે એક ધોતી માત્ર અંગીકાર કરીને સામુહિક લોક કલ્યાણની પ્રક્રિયામાં જોડાઈ રહ્યા હતા. તેઓ વાસ્તવમાં એક યુગપુરુષ અને વિશ્વપિતા જ હોઈ શકે છે.

❖ **<u>સંદર્ભગ્રંથ</u>** :


1. 'સત્યના પ્રયોગો' – મહાત્મા ગાંધી, આત્મકથા
2. 'ग्रामीण विकास का आधुनिक दर्शन', सुबह सिंह यादव, सत्यामान यादव, सबलाइम पब्लिकेशन्स, जयपुर, 1997।
3. 'स्वच्छता का समाजशास्त्र', अनिल एस. वाघेला, कल्पाज पब्लिकेशन्स, दिल्ली, 2015।
4. ઇન્ટરનેટ પર અપાયેલ માહિતીનો ઉપયોગ.